ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમમાં હાલ મંજુર થયેલ મેનેજીંગ ડીરેકટરશ્રીની જગ્યાને ડાઉનગ્રેડ કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ-મકમ/૧૦૧૩/૩૫૦૭૦૭/જ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૨૩/૦૧/૨૦૧૪

વંચાણમાં લીધા-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તારીખઃ-૩૧/૦૮/૨૦૧૩ના ઠરાવ ક્રમાંકઃ-અપબ/૧૩૧૨/૬૩૮૯૨૧/જ

ઠરાવઃ-

અનુસુચિત જાતિ પૈકી અતિ પછાત જાતિઓમાં વાલ્મિકી(સફાઇ કામદાર અને તેમના આશ્રિતો સિવાયના), હાડી, નાડીયા, સેનવા, તુરી, ગરો, વણકર સાધુ, અનુસૂચિત જાતિના બાવા, તીરગર, તીરબંદા, તુરી, માતંગી જેવી અતિ પછાત જાતિઓના લોકો અન્ય જાતિઓની સરખામણીમાં ચોકકસ પ્રગતિ કરી શકે અને તેમનો આર્થિક ઉત્કર્ષ થઇ શકે તે હેતુથી ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ રાજ્ય સરકાર દ્વારા ઊભુ કરવામાં આવેલ છે. જે નિગમમાં ઉપર વંચાણે લીધેલ તા.૩૧/૦૮/૨૦૧૩ના ઠરાવથી મેનેજીંગ ડીરેકટરશ્રી (વર્ગ-૧) (પગાર ધોરણ રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦ ગ્રેડ પે ૭૬૦૦) ની જગ્યા ઊભી કરવામાં આવેલ છે. આ જગ્યાને નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીના નિવૃત્ત નાયબ નિયામક(પગાર ધોરણ રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦ ગ્રેડ પે ૫૪૦૦) થી ભરવા માટેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

બેચર સ્વામી અતિપછાત જાતિ વિકાસ બોર્ડ, ગાંધીનગર.
ઈનવર્ડ નં.......
તારીખ ૨૩/૧/૨૦૧૪

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમમાં મંજુર થયેલ મેનેજીંગ ડીરેકટરશ્રી (વર્ગ-૧) (પગાર ધોરણ રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦ ગ્રેડ પે ૭૬૦૦) ની જગ્યા ડાઉનગ્રેડ કરીને (પગાર ધોરણ રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦ ગ્રેડ પે ૫૪૦૦) ના પગારધોરણમાં આથી ડાઉનગ્રેડ કરવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૦/૧૨/ ૨૦૧૩ ની નોંધથી તથા સરકારશ્રીની મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આર.જે.માકડિયા)
સંયુક્ત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- મહામહિમ રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્ય મંત્રીશ્રી,ના અગ્ર સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર
- મા. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્યસચિવશ્રી,નાણાં વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(ક.ગ.) સામાન્ય વહીવટ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- મેનેજીંગ ડીરેકટરશ્રી,ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ,,ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી,ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ,,ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી,ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ,,ગાંધીનગર
- પસંદગી ફાઇલ.